અપહરણના ગુનામાં છેલ્લા ૧૦ વરસથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી ભોગ બનનારને શોધી કાઢતી,
સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેરના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની ડ્રાઈવ અનુસંધાને તેમજ સુરત શહેરમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા ડી.સી.બી.પો.સ્ટે.ના પો.સ.ઈ. પી.કે.પટેલ નાઓની ટીમના માણસો હે.કો. શૈલેષ રાધેબેહારી તથા પો.કો.મનોજ તુકારામનાઓને મળેલ બાતમી હકીકત આધારે વરાછા એલ.એચ.રોડ રામકૃપા સોસાયટી ગાયત્રી પાસે શેરી નં.૩૦, મકાન નં.જી/૮, ખાતેથી આરોપી:- સેહજાદખાન રજ્જબખાન પઠાણ ઉ.વ.૩૩ રહે.મકાન નં.જી/૮, શેરી નં.૩૦, રામકૃપા સોસાયટી ગાયત્રી પાસે, એલ.એચ.રોડ, વરાછા, સુરત શહેર. મુળ રહે.ગામ.બાવન બુજુર્ગ બલ્લા, થાના.મહારાજગંજ, જી.રાયબરેલી.(ઉત્તરપ્રદેશ).નાને પકડી પાડેલ અને ગુમ/અપહરણ થયેલ કિશોરી ઉ.વ.૧૭.(૨૦૦૯) હાલ ઉ.વ.૨૭ નાનીને શોધી કાઢવામાં આવેલ આરોપી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય, આ કામના ફરીયાદીશ્રી, નાઓની સાળી ઉ.વ.૧૭ નાની સને-૨૦૦૯ માં આરોપી સુરત શહેરમાં વરાછા વિસ્તારમા રહી મજુરી કામ કરતો હોય તે દરમ્યાન તા.૧૪/૦૧/૨૦૦૯ ના રોજ વરાછા ધનશ્યામ નગરની બાજુમાં ભરતનગર ખાતેથી કિશોરી ઉ.વ.૧૭ નીને લલચાવી ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ હોય, સદર બનાવ બાબતે અપહરણ થયેલ કિશોરીના બનેવી નાઓએ ફરીયાદ આપતા વરાછા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૩૬/૨૦૦૯ ઈ.પી.કો.ક.૩૬૩,૩૬૬ મુજબનો ગુનો નોંધાયેલ છે. સદર ગુનામાં આરોપી તેમજ અપહરણ થયેલ કિશોરી ઉ.વ.૧૭ ની આજદિન સુધી મળી આવેલ ન હોય દરમ્યાન ડી.સી.બી.પો.સ્ટે.ના પોલીસ માણસોને હકીક્ત મળેલ કે, આરોપી અને અપહરણ થયેલ કિશોરી સુરત શહેરમાં રહેવા આવી ગયેલ છે. અને આરોપી કારખાનામાં મજુરી કામ કરે છે. વિગેરે મતલબની હકીકત આધારે વરાછા ખાતેથી અપહરણ થયેલ કિશોરીને શોધી કાઢી, નાસતા ફરતા આરોપીને પકડી પાડી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે,